તા.૨૪/03/૨૦૨૫

પ્રતિ,

તંત્રી શ્રી,

દૈનિક........

<u>રાજકોટ મહાનગરપાલિકા તથા રાજકોટ શહેરી વિકાસ સત્તા મંડળના કુલ રૂ.૫૬૫.૬૩ કરોડના વિવિધ વિકાસ પ્રકલ્પોના લોકાર્પણ-ખાતમુહૂર્ત ગુજરાત રાજ્યના માન.મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના વરદ હસ્તે યોજાશે.</u>

<u>આ કાર્યક્રમમાં રાજકોટ મહાનગરપાલિકા દ્વારા "પ્રધાનમંત્રી આવાસ યોજના" અંતગર્ત નિર્માણ પામેલ આવાસો પૈકી, ખાલી પડેલ EWS-2 (૧.૫ BHK)ના ૧૩૩, MIG (3 BHK)ના ૫૦ એમ કુલ ૧૮૩ આવાસો લાભાર્થીઓને ફાળવણીનો કોમ્પ્યુટરાઈઝડ ડ્રો કરવામાં આવશે.</u>

<u>શહેરી ટ્રાન્સપોર્ટેશનમાં ૨૫ નવી સી.એન.જી. ફ્યુઅલ આધારિત બસનું લોકાર્પણ (ફ્લેગ ઑફ) પણ આ કાર્યક્રમમાં કરવામાં આવશે.</u>

રાજકોટ મહાનગરપાલિકાના વિવિધ વિકાસ પ્રકલ્પો પૈકી,રૂ.૫૮.૫૪ કરોડ ના ૪ પ્રકલ્પોના લોકાર્પણ તથા રૂ.૩૩૨.૨૬ કરોડ ના જુદા જુદા ૩૫ પ્રકલ્પોના ખાતમુહૂર્ત એમ કુલ રૂ.૩૯૦.૮૦ કરોડના વિવિધ પ્રકલ્પોના લોકાર્પણ-ખાતમુહૂર્ત તથા "પ્રધાનમંત્રી આવાસ યોજના" અંતગર્ત નિર્માણ પામેલ આવાસો પૈકી, ખાલી પડેલ EWS-2 (૧.૫ BHK)ના ૧૩૩, MIG (3 BHK)ના ૫૦ એમ કુલ ૧૮૩ આવાસો લાભાર્થીઓને ફાળવણીનો કોમ્પ્યુટરાઈઝડ ડ્રો તેમજ રાજકોટ શહેરી વિકાસ સત્તા મંડળના રૂ.૧૭૪.૮૩ કરોડ ના ૬ પ્રકલ્પોના ખાતમુહૂર્ત માન.મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના વરદ હસ્તે કરવાતા.૨૬/03/૨૦૨૫, બુધવારના રોજ સાંજે ૦૫:00 કલાકે રાજકોટ શહેરી વિકાસ સત્તા મંડળનો પ્લોટ, કટારીયા ઓટો મોબાઈલ્સ શો રૂમની બાજુમાં, નવો ૧૫૦ ફૂટ રિંગ રોડ, કાલાવડ રોડ, રાજકોટ ખાતે કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે.આ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને મેયર શ્રીમતી નયનાબેન પેઢડીયા ઉપસ્થિત રહેશે.

## <u>રાજકોટ મહાનગરપાલિકા તથા રાજકોટ શહેરી વિકાસ સત્તા મંડળના કુલ કામ ૪૫ અને રકમ રૂ.૫૬૫.૬૩</u>

## <u>*EWS-૨ અને MIG આવાસ યોજનાના ડ્રોની વિગત*</u>

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત નિર્માણ પામેલ અને ખાલી પડેલ, શહેરના જુદા જુદા વિસ્તારમાં આવેલ MIG કેટેગરીના ૫૦ આવાસો તથા EWS-2 કેટેગરીના ૧૩૩ આવાસો માટે ઓનલાઇન અરજીઓ મંગાવવામાં આવેલ.

- **MIG** કેટેગરીના આવાસો: ૦૩ **BHK,** ક્ષેત્રફળ ૬૦ ચો.મીટર, આવાસની કિંમત રૂ.૧૮ લાખ, વાર્ષિક આવક મર્યાદા રૂ. ૦૬ થી ૭.૫૦ લાખ.
- **EWS-2** કેટેગરીના આવાસો: ૧.૫ **BHK,** ક્ષેત્રફળ ૪૦ ચો. મીટર, આવાસની કિંમત રૂ.૫.૫૦ લાખ, વાર્ષિક આવક મર્યાદા રૂ. ૦૩ લાખ.

જેનો જાહેર કોમ્પ્યુટરાઇઝડ ડ્રો માન. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ના વરદ હસ્તે રાજકોટ શહેરી વિકાસ સત્તા મંડળ (રૂડા) પ્લોટ, કટારીયા ઓટોમોબાઇલ શો રૂમની બાજુમાં નવો ૧૫૦ ફૂટ રિંગ રોડ, કાલાવડ રોડ, રાજકોટ ખાતે તા. ૨૬/03/૨૦૨૫ બુધવારનાં રોજ સાંજે ૦૫.૦૦ કલાકે યોજાનાર છે.

આ લોકાર્પણ-ખાતમુહૂર્ત કાર્યક્રમમાં ગુજરાત રાજ્યના કેબિનેટ મંત્રી અને રાજકોટના પ્રભારી મંત્રીશ્રી રાઘવજીભાઈ પટેલ, કેબિનેટ મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરીયા, રાજકોટ મહાનગરપાલિકાના મેયર શ્રીમતી નયનાબેન પેઢડીયા, સાંસદ પરસોતમભાઈ રૂપાલા, સાંસદ રામભાઈ મોકરીયા, રાજકોટ શહેર ભાજપ પ્રમુખ ડૉ.માધવ દવે, ધારાસભ્ય ઉદયભાઈ કાનગડ, ડૉ.દર્શિતા શાહ, રમેશભાઈ ટીલાળા, ગુજરાત પ્રદેશ ભાજપ ઉપાધ્યક્ષ ડૉ.ભરતભાઈ બોઘરા, ગુજરાત પ્રદેશ ભાજપના મંત્રી બિનાબેન આચાર્ય, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીન ઠાકર, મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા, રાજકોટ શહેર ભાજપ મહામંત્રી અશ્વિનભાઈ મોલિયા, વિરેન્દ્રસિંહ ઝાલા, શાસકપક્ષ નેતા લીલુબેન જાદવ, શાસકપક્ષ દંડક મનીષભાઈ રાડીયા, લોકાર્પણ ખાતમુહૂર્ત લગત સમિતિના ચેરમેન બાંધકામ સમિતિ ચેરમેન ભાવેશભાઈ દેથરીયા, વોટર વર્કસ સમિતિ ચેરમેન અશ્વિનભાઈ પાંભર, ડ્રેનેજ સમિતિ ચેરમેન સુરેશભાઈ વસોયા, હાઉસિંગ ઈમ્પ્રુવમેન્ટ એન્ડ ક્લિયરન્સ સમિતિ ચેરમેન નીતિનભાઈ રામાણી, રૂડાના સી.ઈ.એ.જી.વી.મિયાણી, શહેરના હોદેદારો, મહાનુભાવો, રાજકોટ મહાનગરપાલિકાના કોર્પોરેટરો,રાજકોટ મહાનગરપાલિકાના અધિકારી-કર્મચારીઓ વગેરે ઉપસ્થિત રહેશે.

રાજકોટ મહાનગરપાલિકાના મેયર શ્રીમતી નયનાબેન પેઢડીયા ,ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીન ઠાકર, મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા,શાસકપક્ષ નેતા લીલુબેન જાદવ, શાસકપક્ષ દંડક મનીષભાઈ રાડીયા , બાંધકામ સમિતિ ચેરમેન ભાવેશભાઈ દેથરીયા, વોટર વર્કસ સમિતિ ચેરમેન અશ્વિનભાઈ પાંભર, ડ્રેનેજ સમિતિ ચેરમેન સુરેશભાઈ વસોયા, હાઉસિંગ ઈમ્પ્રુવમેન્ટ એન્ડ ક્લિયરન્સ સમિતિ ચેરમેન નીતિનભાઈ રામાણી, રૂડાના સી.ઈ.એ. જી.વી.મિયાણીએ માન.મુખ્યમંત્રીશ્રીના વરદ હસ્તે યોજાનાર આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા શહેરીજનોને નિમંત્રણ પાઠવેલ છે.

(પી.એસ.ટુ મેયર)